# મોડાસા સાથે મારે વર્ષો જૂનો નાતો, બસમાં આવતો જતો : નરેન્દ્ર મોદી

## વિપક્ષ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આડકતરી રીતે આકરા પ્રહારો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આડકતરી રીતે આક્ષેપો કરી જણાવ્યું હતું કે પહેલાની સરકારો સમયે ગ્રામ્ય વિસ્તારોની હાલત બદતર હતી, લાઈટ રોડ અને બસની સુવિધાઓ પણ પ્રજાજનોને મળતી નહોતી. માઝૂમ, વાત્રક અને મેશ્વો નદી ક્રિકેટના મેદાન જેવડી હતી. અમારી સરકાર સત્તામાં આવ્યા પછી ગુજરાતનો વિકાસ થયો પહેલાની સરકાર ગામડાઓમાં ચોમાસા પહેલા ચોકડીઓ ખોદાવવા સીવાય કોઈ જ વિકાસ કર્યો ન હતો. આજે ગુજરાતના વિકાસ મોડેલનો સમગ્ર દેશમાં ઉદાહરણ રૂપ જોવામાં આવે છે. વડીલોએ અને મહિલાઓએ તેમના યુવાની સમયે તેમને પડતી તકલીફો અંગે વાકેફ કરવા જોઈએ તેમ ભારપૂર્વક જણાવી હાલની ગુજરાતની પરિસ્થિતિનો ત્યારે જ ખબર પડે.

## વાલ્મીકી સમાજના અગ્રણીઓની અટકાયત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોડાસા પ્રવાસ દરમિયાન વાલ્મીકી સમાજના લોકો સાથે આભડછેડ મુદ્દે હંગામી નોકરીઓમાંથી દૂર કરાતા વાલ્મીકી સમાજના પ્રમુખ લાલજી મહારાજ દ્વારા કાળા વાવટા ફરકાવી વિરોધ કરવાના હોવાનુ ધ્યાને આવતા પોલીસતંત્ર સાબદુ થઈ ગયુ હતુ અને વિરોધ પ્રદર્શન કરનારાઓની અટકાયત વિરોધ પ્રદર્શન કરે તે પહેલા કરી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. જ્યાં તેમને 'મોદી હમશે ડરતા હૈ પોલીસ કો આગે કરતા હૈ' ના નારા લગાવ્યા હતા. મોડાસા ટાઉન પોલીસે તમામ અટકાયતીઓને સભા પૂર્ણ થયા બાદ છોડી દેવાયા હતા.

## પી.એમ. બંદોબસ્ત શાંતિપૂર્ણ રહેતા પોલીસતંત્રએ હાશકારો અનુભવ્યો હતો

મોડાસામાં પી.એમ.ના આગમનને લઈ સૌથી વધુ સુરક્ષા એજન્સીઓ અને પોલીસતંત્ર ટેન્શનમાં હતુ. પંદર દિવસની દોડધામ અને ૪૦૦૦ હજાર જેટલા પોલીસતંત્ર ખડેપગે રહ્યા બાદ શુક્રવારે નરેન્દ્ર મોદીની સભા શાંતિપૂર્વક પૂર્ણ થતા પોલીસતંત્ર અને સુરક્ષા એજન્સીઓ રાહતના શ્વાસ લીધા હતા.

## મેઘાવી માહોલ, વરસાદી ઝાપટા વચ્ચે લાખ્ખોની જનમેદની સભાસ્થળે ઉમટી : મોડાસામાં અત્ર તત્ર સર્વત્ર મોદી : માર્ગો પર માનવસાગર : નરેન્દ્ર મોદીએ કેમ છો... મજામાં પૂછી પ્રજાને સંબોધી... નર્મદે સર્વદે સાથે પૂર્ણ

વડાપ્રધાન બન્યા પછી પ્રથમવાર અરવલ્લી જિલ્લાના લોકો મંડપની બહાર વડાપ્રધાન મોદીને આવકારવા ખડેપગે ઉભા મોદીએ સભામંડપમાં આગવી સ્ટાઈલથી નમીને લોકોનું



જતો હતો અને મારા મિત્ર રાજાભાઈના સ્કૂટર પર મોડાસા, માલપુર અને મેઘરજમાં ઘણા બધા વર્ષો સુધી ફર્યો છુ અને અહીના જનજન સાથે જોડાવાનો અને જીવવાનો મોકો મળ્યો છે. પાણી પુરવઠાની યોજનાનુ લોકાર્પણ માટે જણાવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લામં આવડી મોટી પાણી પુરૂ પાડતી યોજનાનો લોકાર્પણનો મોકો મળ્યો હતો અને શરીરમાં શીરા અને ધમનીઓ જેમ લોહી પહોંચાડે છે તેમ અરવલ્લી જિલ્લાના ૬૦૮ ગામોમાં આ યોજના દ્વારા પાણી પુરૂ પાડવામાં આવશે જેથી અરવલ્લી જિલ્લાનો વિકાસ પુર બહારમાં થશે. શામળાજીના યાત્રાધામ તરીકે

મોડાસામાં આવેલા નરેન્દ્ર મોદીના સભાસ્થળે લાખ્ખોની જનમેદની ઉમટી પડી હતી. વરસતા વરસાદમાં પણ મોદીની એક જલક મેળવવા લોકો અધીરા બન્યા હતા. સભાસ્થળના મંડપમાં ખીચોખીચ ભરાઈ જતા વરસતા વરસાદમાં પણ



રહ્યા હતા. વડાપ્રધાન મોદી ૧૦.૩૦ વાગે મોડાસાના સભાસ્થળ નજીક બનાવેલા હેલીપેડ પર હેલીકોપ્ટર દ્વારા ઉતરાણ કરી ખુલ્લી સફારી ગાડીમાં મંડપની બહાર ઉભેલા અને મંડપમાં બેઠેલા લોકોનું અભિવાદન કર્યુ હતુ. મોદી સભાસ્થળ પર આવતા જ જનમેદનીમાંથી મોદી...મોદી...ની બૂમો પડતા સભામંડપ ગાંજી ઉઠ્યો હતો. અભિવાદન કરી સભાસ્થળમાં ઉપસ્થિત લોકોનું દિલ જીતુ લીધુ હતુ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સભાસ્થળ પર સભાને સંબોધતા કેમ છો... મજામાં પૂછીને લોકોના દિલ જીતી લીધા હતા. સભા સંબોધતા જણાવ્યું હતું કે મોડાસામાં એક વિશિષ્ઠ જવાબદારીના ભાગરૂપે મોડાસામાં આવ્યો છુ. મોડાસા મારા માટે નવુ નથી ક્યારેક બસમાં આવતો

વિકાસ કરવાની સાથે શામળાજી નજીક આવેલા જ્યાંથી ભગવાન બુદ્ધના અવશેષો મળી આવ્યા છે તેવા દેવની મોરીને ભગવાન બુદ્ધનુ ભવ્ય સ્થળ સાથે દેવની મોરીમાં ભવ્ય સ્મારક બનાવવામાં આવશે જ્યાં દેશ-વિદેશના યાત્રિકો અને બુદ્ધના અનુયાયીઓ ઉમટી પડશે. મોડાસાના અત્યાધુનિક બસસ્ટેન્ડના લોકાર્પણ અને દેશભરના બસસ્ટેન્ડ અત્યાધુનિક બનાવવામાં આવશે. એરપોર્ટ કરતા પણ બસસ્ટેન્ડ ભવ્ય લાગશે. ગુજરાતના વિકાસ મોડલની દેશભરમાં ચર્ચા કરવામાં આવે છે એ ગુજરાતનો વિકાસ ભાજપની સરકારને આભારી છે. સુજલામ સુફલામ યોજનાથી ગુજરાતના ખેડૂતો ત્રણ સીઝન પાક લેતા થયા સાથે ખેડૂતોને તેમના મહામૂલા પાકને યોગ્ય વળતર મળે તે માટે આઈ.એન.એમ. માર્કેટની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી ખેડૂતો મોબાઈલથી દેશભરમાં તેમના પાકના ભાવ જોઈ શકશે અને દેશના કોઈપણ ખૂણામાં તેમનો માલ વેચી શકશે અને મોબાઈલ દ્વારા પેમેન્ટ મેળવી શકશે. કિશાન સમ્પદા યોજના બનાવી ખેડૂતના પાક સાથે પાંદડા, સાંઠા દ્વારા ખાતર બનાવી સંપૂર્ણ વળતર મળશે અને પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના દ્વારા ખેડૂતોને તેમની ખેતીને રક્ષણ આપવાની સાથે તેના વિમાના ૯૫ ટકા પ્રીમીયમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ચૂકવશે તેમ જણાવ્યું હતું.

## પીએમની ઉપસ્થિતિનો પ્રતાપ ભારે વરસાદ છતા લાઈટ ન ગઈ : ચમત્કાર કે વીજતંત્રની ઈચ્છાશક્તિ

વરસાદ તો દૂર, વરસાદી વાદળો કે વાતાવરણ રચાય ત્યાં જ મોડાસામાં વીજળી ગુલ થઈ જાય છે. ત્યારે મોડાસામાં શુક્રવારે કંઈક જુદી જ સ્થિતિ જોવા મળી, ચમત્કાર કહો કે વીજતંત્રની ઈચ્છાશક્તિ પરંતુ ભારે વરસાદ છતા આજે શહેરમાં લાઈટ ગઈ ન હતી.

વરસાદી ઝાપટા છતા ચમત્કાર લાગે તેવી આ વાત ખરેખર વીજ તંત્રની મહેનત અને ઈચ્છાશક્તિને કારણે શક્ય બની છે. વડાપ્રધાનની શહેરમાં હાજરીના કારણે વીજતંત્ર આટલુ કાર્યદક્ષ બનવુ પડ્યુ હતુ તે ઔર વાત છે. પરંતુ રોજબરોજ આવી ઈચ્છાશક્તિથી કામ થતુ હોય તો વીજળી અને વીજતંત્ર શહેરીજનો માટે વેરણ નહી બને.

## પી.એમ. મોદીના મોડાસા મેયર વનિતાબેન અને મોડાસા સાથેના જૂના નાતાના સ્મરણ તાજા કર્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોડાસામાં સભા સંબોધતા પહેલા મોડાસા સાથે તેમના ખૂબ જ જુનો નાતો છે અને મોડાસાના મેયર વનીતાબેન અંગે જણાવ્યું હતું કે વર્ષો પહેલા મોડાસા તેમના ઘરે આવતો હતો અને તેના પિતા રાજાકાકા સાથે સ્કૂટર પર મેઘરજ, માલપુર અને મોડાસાના વિસ્તારોમાં સંઘના પ્રચાર અર્થે ફરતો હતો ત્યારે બેન વનિતા શાળાએ જતી હતી અને આજે મોડાસાના મેયરની જવાબદારી બખૂબી નીભાવી રહી છે અને મોડાસાનો વિકાસના કામો કરી રહી છે જે ખુબ જ આનંદની વાત છે. નરેન્દ્ર મોદીએ મોડાસા અને મોડાસા મેયર વનીતાબેનના પરિવાર સાથેના જુના સ્મરણો યાદ કરતા સભાસ્થળમાં ઉપસ્થિત જનમેદની ભાવુક બની હતી અને મોદી મોદીના નારા ગુંજી ઉઠ્યા હતા.

# પ્રધાનમંત્રી મોદીની મુલાકાત ટાણે અરવલ્લીના આંગણે નોંધાયા બે વિશ્વ રેકોર્ડ

## અરવલ્લી જિલ્લાના ૩૦૦૦ બાળકોએ બનાવ્યુ વિશ્વના સૌથી મોટા પરબિડીયાનું ચિત્ર વિશ્વના સૌથી મોટા કુકિઝ મોજેકનો રચાયો ઈતિહાસ

ગાંધીનગર, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં મોડાસા ખાતે રૂ. ૭૫૦ કરોડથી વધુના વિવિધ ચાર વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમૂહૂર્ત કર્યું હતું. આ અવસરે અરવલ્લીના આંગણે બે વિશ્વ કિર્તિમાન નોધાયા હતા.



અરવલ્લી જિલ્લાના ૧૮૭ જેટલા સમાજ સંરક્ષિત (ઓરફન) બાળકો સહિત ૩૦૦૦ જેટલા બાળકોએ વિશ્વના સૌથી મોટા ૪૦ ફૂટ X ૩૦ ફૂટ એટલે કે ૧૨૦૦ ફુટ લાંબા પરબીડીયા ચિત્ર (એન્વલપ મોજેક) નો વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે. અગાઉ આ વિશ્વ રેકોર્ડ વર્ષ ૨૦૧૩માં ચીનના નામે ૭૨૧ ફૂટનો હતો. શાળાના બાળકો દ્વારા આ પરબિડીયામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનું સચિત્ર નિરૂપણ કર્યુ છે.

આ બાળકોએ વિશ્વના સૌથી મોટા ૨૨૫૦ ફુટ લંબાઈ ધરાવતા કુકીઝ મોજેકનો (બિસ્કીટ ચિત્ર) વિશ્વ કિર્તિમાન સ્થાપિત કર્યો છે. આગાઉ આ વિશ્વ રેકોર્ડ વર્ષ ૨૦૧૬માં જોર્ડનના નામે ૨૦૦૦ ફુટનો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિતિમાં આ વિશ્વ કિર્તિમાન સ્થપાયો હતો. ગ્રિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધિઓ તથા કલેકટર શાલીની અગ્રવાલે આ અંગેનું પ્રમાણપત્ર પ્રધાનમંત્રીને સુપ્રત કર્યું હતું. મહાનુભાવોએ સમાજ સંરક્ષિત બાળકો સહિત તમામ બાળકોને પ્રોત્સાહિત કરતા આ નવતર અને સર્જકતાસભર આયામ માટે જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ અને ટીમ અરવલ્લીને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે રાજય મંત્રી મંડળના સદસ્યો, પદાધિકારીઓ, અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં અરવલ્લી વાસીઓ હાજર રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના અનમોલ અતિથિ પ્રધાનમંત્રીની મુલાકાત સાથે સાથે...

- અરવલ્લી જિલ્લાના સર્જક એવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રધાનમંત્રી તરીકે પદગ્રહણ પછી અરવલ્લી જિલ્લાની આ પ્રથમ મુલાકાત હતી.
- મુખ્યમંત્રી કાળમાં તા.૧૫/૦૮/૨૦૧૩માં અરવલ્લી ગિરીમાળાના ખોળામાં બિરાજેલા ૬ તાલુકાઓનું અરવલ્લી જિલ્લા તરીકે પાકૃતિક નામકરણ થયું.
- એટલે સર્જક-નાયકની મુલાકાતના લીધે આજે અરવલ્લી જિલ્લાના જનસમુદાયમાં હરખની હેલી ફરી વળી હતી. મોડાસા શહેર સાથે સમગ્ર જિલ્લાએ આજે ઉત્સાહનો શણગાર સજ્યો હતો.
- શામળાજીનો કાળીયો ઠાકર રાષ્ટ્રના મહાનાયક નરેન્દ્રભાઈ મોદી પર સદૈવ કૃપાળુ રહે એવી જનભાવના જોવા મળી.
- વરસાદી વાતાવરણ અને મેઘ મલ્હાર વચ્ચે સભાખંડમાં આવી પહોંચેલા પ્રધાનમંત્રીને લોકોએ ગગનભેદી હર્ષનાદોથી વધાવી લીધા હતા. પ્રધાનમંત્રીએ વાહનના દરવાજે ઉભા રહીને જન અભિવાદન ઝીલ્યુ હતું.
- સભા મંડપ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલ અને મહાનુભાવોએ પ્રધાનમંત્રીને સત્કાર્યા હતા.
- સભામંચની ચારેતરફ ફરીને પ્રધાનમંત્રીને શામળાજીના કાળીયા ઠાકોર અને ભગવાન બુદ્ધની પ્રતિમાની ભેટ આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારના દેવની મોરીમાંથી બુદ્ધ કાલીન અવશેષો મળ્યા છે.



## સ્વયંમસેવકની ફરજ બજાવતા વિદ્યાર્થીઓના ૧૦૦થી વધુ બેગ ચોરાયા

અરવલ્લીના મુખ્યમથક મોડાસા શહેરમાં પાણી પુરવઠા સહિતની વિવિધ યોજનાના લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. લાખ્ખોની મેદની અને ભારે સુરક્ષા વચ્ચે કાર્યક્રમ સંપન્ન થયો હતો. પરંતુ નવાઈની વાત એવી હતી કે સર.પી.ટી. સાયન્સ કોલેજના વિદ્યાથીઓ સભાસ્થળ પર સ્વયંસેવક તરીકે ફરજ સોંપાઈ હતી. સ્વયમસેવક તરીકે ફરજ બજાવતા વિદ્યાર્થીઓ પોલીસકર્મીની હાજરીમાં તેમના થેલા સહિતનો માલ સમાન સાચવવાની જવાબદારી વચ્ચે સભાપુર્ણ થતા વિદ્યાર્થીઓ તેમના રાખેલા સામાન લેવા પહોંચ્યા ત્યારે ત્યાંથી તમામ માલ-સામાન અને બેગો ગુમ થઈ જતા અને બેગોની અંદર તેમના મહત્વના ડોક્યુમેન્ટ અને જરૂરી ચીજવસ્તુઓ હોવાથી બેબાકળા બની ગયા હતા અને આ ચોરી અંગે પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવા છતાં કોઈ પણ અધિકારી તરફથી યોગ્ય જવાબ ન મળતા વિદ્યાર્થીઓની હાલત કફોડી બની હતી. બેગમાં રહેલા અગત્યના ડોક્યુમેન્ટ ચોરાતા મુંઝવણમાં મુકાયેલા વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશને લેખીત ફરિયાદ આપવાની તજવીજ હાથ ધરી હતી. તદ્ઉપરાંત મોદીની જાહેરસભા સ્થળે ઉમટેલી ભીડની તકનો લાભ લઈ ખીસ્સા કાતરૂઓ અને મોબાઈલ ચોરોએ કેટલાક લોકોના પાકીટ અને મોબાઈલ તફડંચી કરી આબાદ ફરાર થઈ ગયા હતા.

# ડીસામાં વ્યાજખોરોના ત્રાસથી ખેડૂતની આત્મહત્યા

બનાસકાંઠામા વ્યાજખોરો બેફામ બન્યા છે. છેલ્લા એક વર્ષમા અહી ૧૫ જેટલા લોકોએ વ્યાજખોરોના ત્રાસથી આત્મહત્યા કરી ચુક્યા છે. ત્યારે ડીસા તાલુકાના દામા ગામનો વધુ એક ખેડૂત બટાટાની મંદીમાં વ્યાજખોરના ચુંગાલમાં ફસાઈ ત્રાસદાયક વર્તનથી મોતને ભેટેલ છે. જોકે પોલીસે મરણ જનારની



સુસાઈડનોટ આધારે બંને વ્યાજખોરોની ધરપકડ કરી છે.

સરકારે નાણાં ધીરધારનો કાયદો ભલે બનાવ્યો હોય પણ જિલ્લામાં વ્યાજખોરોનો રાફડો ફાટ્યો છે. વ્યાજખોરોના વિષચક્રમાં એકવાર ફસાયા બાદ કોઈ બહાર નીકળી સકતુ નથી. ત્યારે ડીસાના દામા ગામે રહેતાં ખેડૂત કૈલાસકુમાર માલી પણ બટાટાની મંદીમાં આર્થિક તકલીફો હોઈ વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયા હતાં. પીડિત એવા કૈલાસભાઈ માલીએ જરૂરત હોઈ વ્યાજખોર સંજય વસંતભાઈ સુંદેશા અને વસંત પ્રતાપજી સુંદેશા રહે, સુખદેવનગર, ડીસા વાળાઓ પાસેથી વર્ષ ૨૦૦૪માં વ્યાજે પૈસા લીધા હતાં. જોકે તે બાદ આ બંને વ્યાજખોરોનુ પોત પ્રકાશ્યુ હતુ. અને વર્ષ ૨૦૧૭ સુધીમાં આ ખેડૂત પાસેથી વ્યાજનુ વ્યાજ ગણી



સાત ચેક લઈ, કુલ ૨૦ લાખથી વધુ વ્યાજ વસુલ્યુ હતુ. જોકે તે બાદ આ બંને વ્યાજખોરોએ સતત ધમકીઓ અને ત્રાસ આપતા માનસિક રીતે ભાગી ગયેલ પીડિત કૈલાસભાઈ માલિએ ગત રાત્રિએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યૂ હતુ. જેમાં મરણ જનારના ભાી દિનેશ માલીએ ડીસા તાલુકા પોલીસ મથકે ત્રાસ આપનાર બંને આરોપિઓ વિરૂધ્ધ ફરિયાદ આપી હતી.

જોકે આ ઘટનાની મરણ જનાર કૈલાસ માલીના ભાઈ દિનેશભાઈ માલીએ ડીસા તાલુકા પોલીસને જાણ કરતા ડીસા પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી. અને લાશની તલાશી લેતા મરણ જનાર પાસેથી એક સુસાઈડ નોટ કબજે કરી હતી. જેમાં મરણ જનાર કૈલાસભાઈ માલીએ જણાવ્યુ હતુ કે વ્યાજખોર સંજય વસંતભાઈ સુંદેશા અને વસંત પ્રતાપજી સુંદેશાએ તેમણે ત્રાસ આપી ૨૦ લાખ વસૂલી ત્રાસ આપી, જમીન અને ટ્રેક્ટર્સ પડાવી લેવાની ધમકીઓ આપી હોઈ તેઓ મોતને ભેટે છે તેવું જણાવેલ હોઈ પોલીસે બંને વ્યાજખોરોની ધરપકડ કરી જેલ હવાલે કરેલ છે. જેની વધુ તપાસ પીએસઆઈ એન.એચ. કુરેશી ડીસા તાલુકા પોલીસ ચલાવી રહ્યાં છે.

## વડાપ્રધાનની અરવલ્લી જિલ્લા માટે કોઈ

# મહત્વની જાહેરાત ન થવાથી પ્રજાને નિરાશા : રાજેન્દ્ર પારધી

વડાપ્રધાન આજરોજ અરવલ્લી જિલ્લાની મુલાકાતે આવેલ. મુલાકાત પૂર્વ જિલ્લાના પ્રજાજનોને લાગતુ હતુ કે વડાપ્રધાનની નવરચિત જિલ્લામાં પ્રથમ મુલાકાત છે એટલે જિલ્લાના વણઉકેલ પ્રશ્નોનો નિવેડો આવશે તે આશા ઠગારી નિવડી. વડાપ્રધાને અગાઉની પ્રણાલી મુજબ પોતાનુ વક્તવ્ય આપેલ જેમાં જિલ્લા માટે નવીન કંઈક ન હતુ. જેથી જિલ્લાના પ્રજાજનોમાં નિરાશા સાંપડી છે.

અરવલ્લી જિલ્લાની પ્રજાજનો મુશ્કેલી સંદર્ભે વડાપ્રધાનની મુલાકાત પૂર્વ કલેક્ટર મારફતે આવેદન પત્ર દ્વારા જિલ્લાના પ્રશ્નોનો ચિતાર રજુ કરેલ. નવરચિત જિલ્લાના વિકાસ માટેની ગરીબલક્ષી ઈન્દીરા આવાસ, સરદાર આવાસ અને અન્ય આવાસની ગ્રાન્ટ આપવામાં આવી નથી તે અંગે રજુઆત કરી, જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની મરામત અંગે તેમજ નવા શાળાઓના ઓરડા બનાવવા અંગે તેમજ શાળાઓની કમ્પાઉન્ડ વોલ અને શાળાઓને જોડતા રસ્તા મંજુર કરી વિદ્યાર્થીઓને સુવિધા આપવા, જિલ્લાના બે ટ્રાયબલ તાલુકામાં કોટેજ હોસ્પિટલની અદ્યતન સુવિધા પ્રાપ્ત કરવા અંગે તેમજ ટ્રાયબલ વસ્તીને ધ્યાને રાખી વસ્તીના ધોરણે ન્યુ ગુજરાત પેટર્નની ગ્રાન્ટ ફાળવવા તથા જિલ્લાના યુવાનો માટે જિલ્લામાં સ્પોર્ટસ સંકુલ સ્થાપી યુવાનોને પ્રોત્સાહન આપવા, જિલ્લાના મુખ્ય મથક મોડાસા મુકામે સિવિલ હોસ્પિટલ મંજુર કરવાની દરખાસ્ત તાકીદે મંજુર કરવા, જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી યાત્રાધામને નવો તાલુકા જાહેર કરવા, જિલ્લાના અંતરીયાળ ગ્રામ્ય રસ્તાઓને નવીન પણે ડામર કરવાની દરખાસ્તો મંજુર કરવા, જિલ્લાના મેશ્વો, હાથમતી અને અન્ય ડેમોમાંથી લીફ્ટ ઈરીગેશન દ્વારા સમગ્ર જિલ્લાના ખેડૂતોને સિંચાઈથી પાણી પુરૂ પાડવાની તેમજ નર્મદા યોજનાનો જિલ્લાના ખેડૂતોને મળે તે માંગણી મંજુર કરવા, જિલ્લાના બેરોજગાર યુવાનોને રોજી મળી રહે તે હેતુથી ભિલોડા, મોડાસા, બાયડ મુકામે નાના મોટા ઉદ્યોગો સ્થાપવા, રાજ્યના બજેટમાં અરવલ્લી જિલ્લો નવરચિત હોવાથી સંતુલિત વિકાસ માટે વધારાની વિશેષ ગ્રાન્ટ ફાળવવા, ખેડૂતોના સરકારી લેણા માફ કરવા વિગેરે બાબતોનો સમાવેશ કરી આવેદન પત્રમાં કરવામાં આવેલ જે ઉપરોક્ત કોઈ બાબતોના રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા નિકાલ કરવામાં આવશે તેવી ખાત્રી વડાપ્રધાન દ્વારા આપવામાં આવી નથી જે દુ:ખદ બાબત છે.

## ઊંઝા તાલુકામાં ગેરકાયદેસર દબાણો અને બાંધકામોની સમસ્યા શિરદર્દ

ઊંઝા તાલુકામાં અનઅધિકૃત દબાણો અને બાંધકામોને દૂર કરવા માટે અસરકારક પગલા ન ભરાતા દબાણોની સમસ્યા શિરદર્દ સમાન બની છે. ઊંઝા શહેર અને તાલુકાના ઉનાવા, બ્રાહ્મણવાડા, ઐઠોર, હાજીપુર, કરણપુર, ભુણાવ, જગન્નાથપુરા, વરવાડા, વિશોળ, ખટાસણા, સૂણક, મુક્તુપુર, નવાપુરા વગેરે ગામોમાં છેલ્લા ઘણા વખતથી અનઅધિકૃત દબાણો અને બાંધકામો થયેલ છે તેવી લોક ફરિયાદ ઉઠી છે. ભૂતકાળમાં દબાણો દૂર કરવા અંગે ગ્રામ પંચાયત, નગરપાલિકા તથા તાલુકા પંચાયત સ્તરેથી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સત્તાવાળાઓની ભેદભાવભરી નીતિરીતિ તથા લાપરવાહીના લીધે આજદિન સુધી દબાણો દૂર કરવા માટે કોઈ નક્કર પગલાં ભરાયા નથી. પરિણામે દબાણોની સ્થિતિ જૈસે થે રહી છે અને દિનપ્રતિદિન આવા દબાણો વધતા જાય છે. ગેરકાયદે દબાણો, બાંધકામોને દૂર કરવા માટે સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સીટીસરવે કચેરી માર્ગમકાન વિભાગ વિગેરે તંત્રો નિષ્ફળ નિવડ્યા હોવાની છાપ ઉભી થઈ છે. ગેરકાયદેસર દબાણો બાંધકામો બાબતે નાગરિકો, પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા સંબંધિત ઉચ્ચ અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં કોણ જાણે કેમ નક્કર કામગીરી થતી નથી. તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, સીટીસર્વે નગરપાલિકા, ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારીઓ પદાધિકારીઓની ગેરકાયદે દબાણો બાંધકામો દૂર કરવામાં ભેદભાવભરી નીતિના કારણે હજી અસંખ્ય દબાણોને કોઈ આંચ આવી નથી. કેટલાયે ગામોમાં જાહેર રસ્તાઓ પર ઠેર ઠેર જગ્યાએ દબાણો થઈ જવાથી રસ્તાઓ સાવ સાંકડા બની ગયા છે. કેટલીક જગ્યાએ તો એક ટ્રક કે બસ પણ ન નીકળી શકે તેવી હાલત થઈ છે. કેટલાક કિસ્સાઓમાં બાંધકામને લગતી પરવાનગી મેળવાઈ નથી. ગ્રામ પંચાયતોના દબાણ રજીસ્ટરે વર્ષો અગાઉના દબાણો નોંધાયેલા છે. કેટલાક વર્ષોમાં થયેલ દબાણો બાંધકામ સર્વે કરીને રેકર્ડ પર લીધેલ નથી.